# રક્ષાબંધન કાર્યક્રમ : 'સ્વાધ્યાય પરિવાર' દ્વારા ખેડબ્રહ્મા ખાતે ભૂમિ પુજન કરાયુ

ખેડબ્રહ્મા, તા. ૨૬

પરમ પૂજનીય પાંડુરંગશાસ્ત્રી આઠવલે (દાદાજી ) પ્રેરિત સ્વાધ્યાય પરિવાર સમાજના પ્રત્યેક વ્યક્તિ સુધી ભગવદ પ્રેમ અને ભગવદ વિચાર લઈ જવાનો ભગીરથ પ્રયત્ન છેલ્લા છ દાયકા થી સાતત્ય પૂર્વક કરતો રહ્યો છે. પૂજ્ય દાદાજીના સુપુત્રી જયશ્રી દીદી આ રક્ષાબંધન પર્વ નિમિત્તે તારીખ ૩૦-૮-૨૦૨૩ બુધવારે આદિવાસી – વનવાસી ભાઈઓને વિશેષત મળવા માટે અત્રે ખેડબ્રહ્મા આવવાના છે, કાર્યક્રમમાં ઉપસ્થિત થવા માટે સાબરકાંઠા, બનાસકાંઠા તથા અરવલ્લી જિલ્લાઓના ૭ જેટલા તાલુકા ના ૬૧૦ ગામોમાંથી પાંત્રીસ હજારથી વધુ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેવાના છે. હાઈવે રોડપર હેલીપેડ ગ્રાઉન્ડ પર આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે. આજે તારીખ ૨૬-૮-૨૦૨૩ ના દિવસે મેદાન ખાતે ભૂમિ પૂજન થયું. આજથી મેદાન ઉપર કાર્યક્રમ માટેની પૂર્વ તૈયારીઓ અલગ અલગ વિભાગો દ્વારા શરૂ કરવામાં આવી. વિભાગોમાં મુખ્યત્વે સિવિલ વિભાગ, ઈલેક્ટ્રીક વિભાગ, ઓડિયો વીડિયો વિભાગ, પાર્કિંગ- ટ્રાફિક વિભાગ, પાણી વિભાગ વગેરે વિભાગો પોત પોતાના કાર્યો શરૂ કરી દેશે. કાર્યક્રમની વિગતતારીખ : ૩૦-૮-૨૦૨૩સમય : સાંજે ૪ વાગેસ્થળઃ હેલીપેડ ગ્રાઉન્ડ, ઉન્ડવા, ખેડબ્રહ્મા.



# વડગામ તાલુકાના છાપી હાઈવે પર ગટરલાઈનના ખોદકામ દરમિયાન ગેસલાઇનમાં ભંગાણ...

પાલનપુર તા. ૨૬

બનાસકાંઠા જિલ્લા ના વડગામ તાલુકાના છાપી હાઈવે પર છાપી ગ્રામપંચાયત દ્વારા ગટર લાઈન નાંખવા માટે થઈ ખોદકામ નું શ્રી ગણેશ કરાયું હતું. પરંતુ થોડી જ મિનિટોમાં ઈરૂ ગેસ લાઈનની પાઈપ જીસીબી દ્વારા ખોદકામ દરમિયાન તોડી પડાતા ગેસ લાઈન લીક થઈ હતી .જેને લઈ આખા પંથકમાં અફરાતફરી મચી જવા પામી હતી અને આખો વિસ્તાર ગેસ ની દુર્ગંધ થી ગંધાયો હતો . આ અંગે વધુ વિગતો આપતા અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, સમયસુચકતા દાખવતા આખો વિસ્તાર ખાલી થઈ ગયો હતો સદનસીબે આગ ન પકડતાં મોટી જાનહાની ટળી હતી અને વડગામ મામલતદાર સહિત ના અધિકારીઓને તાત્કાલિક જાણ કરાવામાં આવી હતી. આ અંગે પૂરક વિગતો આપતા અમારા વડગામ તાલુકાના સંવાદદાતા આનંદ પરમાર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, IRM ગેસ કંપનીના કર્મચારીઓ દ્વારા ગેસ લાઈન બંધ કરી રીપેરીંગની કામગીરી હાથ ધરાઈ હતી પરંતુ પ્રશ્ન એ છે કે નીચે ગેસ લાઈન સહિત અનેક લાઈન નીકળતી હોય તો શું? છાપી ગ્રામ પંચાયતના સત્તાધિશો અને કોન્ટ્રાક્ટર દ્વારા નીચે ચાલતી લાઈનોના અધિકારીઓ અને તેમની ઓફિસોમાં આ બાબતે કોઈ લેખિત જાણ કરાઈ હતી કે કેમ?કોન્ટ્રાક્ટર દ્વારા કોઈપણ જાતના સેફટી મેજર્સ ફોલો કર્યા વગર માત્ર જી સી બી અને ચાર પાંચ મજુર દ્વારા આ લાઈન ખોદકામ કરાવવા નું શરૂ કરાયું હતું કોઈ મોટી ઘટના બની હોત તો જવાબદાર કોણ? આવા બેજવાબદાર તંત્ર ના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર પર બનાસકાંઠા વહિવટી તંત્ર કોઈ દાખલારૂપ કડક કાર્યવાહી કરશે ખરાં ?આ મુદો ટોપ ઓફ ટાઉન બન્યો છે.







## ડીસામાં ભાજપ દ્વારા મતદાતા ચેતના અભિયાન

ડીસા સહિત સમગ્ર જિલ્લામાં ભાજપ દ્વારા મતદાતા ચેતના અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો ૧૮ વર્ષથી ઉપરની વ્યક્તિઓના મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેના ફોર્મ ભરશે અને લોકોને સમજાવશે સાથે જ મતદાન યાદીમાંથી નામ કમી કરાવવા, કોઈના સરનામાં બદલાવવા માટેના પણ ફોર્મ ભરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત આજે ડીસા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા કોલેજ આગળ મતદાતા ચેતના અભિયાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગે બનાસકાંઠા જિલ્લા ભાજપના મહામંત્રી કનુભાઈ વ્યાસે જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા અત્યારે મતદાતા ચેતના અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં કોલેજમાં આવતા અને ૧૮ વર્ષથી ઉપરના તમામ વિદ્યાર્થીઓના નામની નોંધણી કરાઈ હતી. તેમજ કોઈના નામ કમી કરાવવા કે સરનામાં બદલવા માટે પણ કાર્યકારો ઘરે ઘરે જઈ કામગીરી કરી રહ્યા છે અને તમામ ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય અને લોકશાહી મજબૂત બને તે માટે લોકોને સમજાવી રહ્યા છે.

### પશુપાલકો માટે ઢોરનું લાયસન્સ ફરજીયાત, ઘર્ષણ વધવાની સંભાવના

# જિલ્લાની ૮ નગરપાલિકા વિસ્તારોમાં રખડતાં ઢોરથી પ્રજાને રાહતની ફરી એક આશા

બાયડ, તા.૨૬

વર્ષ-૨૦૨૨માં રખડતાં ઢોર નિયંત્રણ અને નિયમન કાયદો વિધાનસભામાં પસાર થયા પછી માલધારીઓએ સરકાર સામે બાંયો ચઢાવતાં પીછેહઠ થઈ હતી પરંતુ હવે પશુ ત્રાસ અટકાવવાને નિયંત્રણ માર્ગદર્શિકા-૨૦૨૩ અમલમાં બનતાં તેનો યોગ્ય અમલ થશે તો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૮ નગરપાલિકા વિસ્તારોમાં રખડતા ૨૮૦૦થી વધુ ઢોરમાંથી પ્રજાને રાહતની આશા જન્મી છે. પશુપાલકો માટે શહેરી વિસ્તારમાં ઢોર રાખવું હોય તો લાયસન્સ ફરજીયાત કર્યું છે જેથી ઘર્ષણ વધવાની સંભાવના છે. અગાઉ રસ્તા ઉપર ઘાસ ખવડાવવા જિલ્લા કલેકટર દ્વારા પ્રતિબંધ લાદવામાં આવ્યો પરંતુ ક્યાંય અમલ થયો ન હતા પરંતુ હવે ગાંધીનગરથી આદેશ થતાં અમલની સંભાવના વધી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં અત્ર, તત્ર, સર્વત્ર રખડતાં ઢોર સામે જનઆક્રોશ વધી રહ્યો છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં રોડ ઉપર તેમજ સોસાયટીઓમાં રખડતાં ઢોર અડીંગા જમાવી દેતાં વાહનોની અવર જવરમાં અડચણ સહિત ગંદકીના પ્રશ્નો ઉપસ્થિત થયા છે ત્યારે જિલ્લાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, મોડાસા, વડાલી અને બાયડ નગરપાલિકામાં ગત ફેબ્રુઆરી-માર્ચમાં રખડતાં ઢોર પકડવા માટે સરકારે ગ્રાન્ટ ફાળવ્યા પછી દેખાડારુપ કામગીરી કરવામાં આવી પરંતુ ત્યાર પછી બધું ભૂલાઈ ગયું અને રખડતાં ઢોરના આતંકથી ખેડબ્રહ્મા, હિંમતનગર, મોડાસા અને બાયડમાં બનેલી દુર્ઘટનાઓથી પ્રજા અને વેપારીઓમાં રોષ જોવા મળતા હતા ત્યારે સરકારે હવે મોટાશહેરોની જેમ નગરપાલિકાઓમાં પણ રખડતાં ઢોર માટે કાર્યવાહીના આદેશ આપ્યા છે જેમાં પાલિકા વિસ્તારોમાં ગાય, ભેંસ કે બળદ રખડતાં મળી આવશે તો પશુપાલકને રુ ૩૦૦૦નો દંડ તેમજ ઘેટાં- બકરાં, ભૂંડ અને ગધેડાં રખડતાં મળી આવે તો રુ ૧૦૦૦નો દંડ નક્કી કરવામાં આવ્યો છે. જ્યારે રસ્તા ઉપર ખાસ કરીને હિંમતનગરમાં ઘાસ ખવડાવવાના કારણે અકસ્માતોનું પ્રમાણ વધતાં જિલ્લા કલેકટર દ્વારા વર્તમાન વર્ષમાં ૩ વાર પ્રતિબંધાત્મક જાહેરનામું અમલી બનાવ્યું હતું પરંતુ તેનો કોઈ યોગ્ય સુચારૂ અમલ થયો ન હતો આ સંજોગોમાં હવે રાજ્ય સ્તરેથી પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ માર્ગદર્શિકા-૨૦૨૩નો અમલ થાય તો જ શહેરી વિસ્તારની ૫ લાખથી વધુ માનવ વસતીને રખડતાં ઢોરના ત્રાસમાંથી કાયમી મુક્તિ મળી શકે.



# પ્રાંતિજના બજારોમાં રક્ષાબંધન નજીક આવતાં અવનવી રાખડીઓએ આકર્ષણ જમાવ્યું





પ્રાંતિજ તા ૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે બજારોમા રક્ષાબંધન નજીક આવતા અવનવી વેરાયટીઓ સાથે રાખડીઓ આકર્ષણ જોવા મલી રહ્યુ છે જોકે મંદીના માહોલ વચ્ચે વેપારીઓ આશા સેવી રહ્યા છે. રક્ષાબંધનના પવિત્ર તહેવારને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યાછે ત્યારે પ્રાંતિજ બજારમાંથી અવનવી રાખડીઓની ધુમ ખરીદી થઇ રહીછે જેમાં ખાસ કરીને મોતીવાળી ડાયમંડવાળી ક્રીસ્ટલવાળી દોરીવર્ક વાળી સ્વસ્તિક વાળી ગણેશજી વાળી અવનવી રાખડીઓ બજારમાં આવીછે તેમાંય આ વર્ષે ફોટાવાળી રાખડીઓની વધુ ખરીદી થઇ રહીછે રાખડીમાં ભાઇનો ફોટો અને ભાઇ બહેનનો ફોટો રાખી શકાય તેવી તેમજ દર વર્ષની જેમ આ વર્ષે બાળકોને પ્રીય એવી કાર્ટુન કેરેક્ટરવાળી રાખડીઓ પણ બજારમાં આવીછે તેમજ ભાભી માટેની લુંબા રાખડીઓ અલગ અલગ ડીઝાઇનમાં આવીછે શહેરના મોટાભાગના વિસ્તારોમાં મંડપો રાખડીના વેચાણ માટે બનાવાયાછે આ ઉપરાંત ફેરી કરતી બહેનો પણ દરરોજ સવાર સાંજ વિવિધ વિસ્તારોમાં રાખડીઓ વેચવા જાયછે તેની પાસે પ્રમાણમાં સસ્તી અને સારી રાખડીઓ મળી રહેછે તેની પાસે રૂા ૧૦થી લઇને ૧૦૦ રૂપિયા સુધીની રાખડી હોય છે જ્યારે બજારમાં રૂા ૧૦થી લઇને ૭૦૦ થી ૮૦૦ સુધીની કીંમતે રાખડીઓ વેચાઇ રહીછે હજુ રક્ષાબંધનને થોડા દિવસોની વાર હોય અને છેલ્લી ધડીએ પણ રાખડીઓની પુષ્કળ ખરીદી થશે તેવો વેપારીઓનો મત છે હિન્દુ સમાજમાં રાખડી બાંધવાની પરંપરા વર્ષો પુરાણી છે જે સદીયો થી ચાલતી આવી છે એક સમય હતો જ્યારે બહેન તેમના ભાઇને ઊનનો કે કોઈપણ સામાન્ય દોરો બાંધી રક્ષા બંધન ઉજવાતી, પરંતુ સમય બદલાયો અને રક્ષાબંધનમાં રાખડીઓના સ્વરૂપો પણ બદલાતા ગયા આજે બજારમાં જુદા જુદા પ્રકારની રાખડીઓ મળવા લાગી છે હાલમાં બજારમાં મળી રહેલી રાખડીઓ માં કલકત્તી, ડાયમંડ, સુખડ, બ્રેસલેટ, મોતીવર્ક, રૂદ્રાક્ષ, લુંબા રાખડી, ભાભી રાખડી, અમેરિકીન ડાયમંડ, સોનાની તેમજ ચાંદીની પટીવાળી રાખડી પણ માર્કેટમાં ઉપલબ્ધ છે નાના ભૂલકાઓ માટે પણ આ વર્ષે ખાસ ડોરેમોન, છોટાભીમ, એંગ્રીબર્ડ, ૩-ડી રાખડી સહિત જુદા જુદા કાર્ટુન વળી રાખડીઓ ધૂમ મચાવી રહી છે રાખડીઓમાં ૧૫૦ થી વધુ વેરાયટીઓ બજારમાં મળતી થઇ ગઇ છે પરંતુ તેમાં સૌથી વધુ ઓમ અને રૂદ્રાક્ષ વાળી રાખડીઓ વધુ પ્રચલીત છે જ્યારે દરેક રાખડીઓના ભાવમાં ૧૦ ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે ત્યારે બાળકોની રાખડીમાં ૫ ટકા જેટલો વધારો થયો છે આ ભાવ વધારાના કારણે ક્યાંક ને ક્યાંક ગ્રાહકો સહિત વેપારીઓને પણ મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે બહારગામ રહેતાં ભાઈઓને સમયસર રાખડી મળી રહે એ માટે પોસ્ટ વિભાગ દ્વારા અને કુરીઅર એજન્સી દ્વારા ઝડપી સેવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# પાલનપુરના ન્યુ બસપોર્ટમાં પોલીસ ચોકીનું લોકાર્પણ કરાયું

### રાજ્યસભાના પૂર્વ સાંસદના હસ્તે નવીન પોલીસ ચોકી ખુલ્લી મુકાઇ



પાલનપુર તા. ૨૬

પાલનપુર શહેરના ન્યુ બસ પોર્ટ વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે સીસી ટીવી કેમેરા થી સજ્જ નવીન પોલીસ ચોકીની નિર્માણ કરાયું છે જે નવીન પોલીસ ચોકિનું રાજ્યસભાનાં પૂર્વ સાંસદ દિનેશભાઈ અનાવડીયા ના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું .આ અંગે વધુ વિગતો આપતા અમારાબનાસકાંઠા જિલ્લાના સસંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ વધુમાં જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર ખાતે આવેલ ન્યુ બસ પોર્ટમાં અવારનવાર થતાં ઝગડા તેમજ મુસાફરો ના માલ સામાનની ચોરીની ઘટનાઓને લઈને બસ પોર્ટ માં પોલીસ ચોકી શરૂ કરવાની માંગ ઉઠી હતી. જેના પગલે પોલીસ વિભાગ દ્વારા બસ પોર્ટમાં નવીન પોલીસ ચોકી નું નિર્માણ કરવામાં આવ્યું હતું જે નવીન પોલીસ ચોકીનું રાજ્ય સભાના પૂર્વ સાસંદ દિનેશભાઈ અનાવાડીયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં એક પીએસઆઈ,બે કોન્સ્ટેબલ અને હોમગાર્ડના જવાનો દ્વારા સીસીટીવીના માધ્યમ થી પોલીસ ચોકીનું સંચાલન કરવામાં આવશે બસ પોર્ટ ખાતે શરૂ થયેલ નવીન પોલીસ ચોકીને લઈને બસ પોર્ટ ખાતે આવતા મુસાફરો ને મોટી રાહત મળશે નવીન પોલીસ ચોકીના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પોલીસ વડા અક્ષયરાજ મકવાણા, નગરપાલિકાના પ્રમુખ કિરણબેન રાવલ, એસટી વિભાગના અધિકારીઓ સહીત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના મજરા ખાતેથી બે શકુનિઓ ઝડપાયા

**બે શકુનિઓ પોલીસ જોતાંજ પોલીસને થાપ આપી ભાગી ગયા : પ્રાંતિજ પોલીસે ચાર વિરૂધ્ધ ગુનોનોધી આગળની કાર્યવાહી હાથધરી : કુલ-૨૮૮૦ના મુદામાલ સાથે બેની અટકાયત**

પ્રાંતિજ તા ૨૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મજરા કેનાલ ઉપર પોતાના મકાનોની આગળ ખુલ્લી જગ્યામા જુગાર રમતા ચાર શકુનિઓમાંથી બે શકુનિઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડયા હતા તો બે જુગારીઓ પોલીસ જોતાંજ ભાગી ગયા હતા. પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના મજરા બાજુ પેટ્રોલીંગ મા હતી તે સમયે મજરા ગામે જતાજ ખાનગી રાહે બાતમી મળી કે મજરા ગામે આવેલ કેનાલ ઉપર કેટલાક ઈસમો ભેગા મળી પૈસા પાના વડે તીનપતી નો હારજીત નો જુગાર રમે છે તેવી હકીકત મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા તાત્કાલિક સ્થળ ઉપર જઈ તપાસ કરતા પોલીસ ને જોઈ ને ચારેય જણા ભાગવા જતા હતા પણ પ્રાંતિજ પોલીસ દ્વારા ભરતભાઇ કરશનભાઇ ડાભી , મહેશભાઈ દાનાભાઇ ડાભી ને ઝડપી પાડયા હતા તો અમતભાઇ હીરાભાઇ ડાભી તથા મહેન્દ્રભાઇ ધરમશીભાઇ ડાભી બન્ને જણા પોલીસ ને જોતાંજ પોલીસ ને થાપ આપીને ભાગીગયા હતા તો બધા રહે મજરા ત્રણ રસ્તા કેનાલ પાસે ગામ-મજરા ,તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા તો પ્રાંતિજ પોલીસે ગંજીપાના સહિત દાવની રકમ ૧૯૦૦ તથા પકડાયેલ બે આરોપીઓ પાસેથી તેવો ની અંગ જડતી માંથી મળેલ રકમ ૯૮૦ મળી કુલ ૨૮૮૦ ના મુદામાલ સાથે બે ને ઝડપી પાડયા હતા અને ચારેય ઈસમો વિરૂધ્ધ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનોનોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુરના કંથેરીયા હનુમાન મંદિરમાંથી રૂ.૪.૭૦ લાખના મુદ્દામાલની ચોરી કરાઈ

**મંદિરમાં એક માસ અગાઉ રખાયેલ પૂજારી ભગવાનના દાગીના અને રોકડ લઇ રફુચક્કર થયો : મંદિરમાં ચોરીની ઘટના સીસી ટીવી કેમેરા કેદ થતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી**

પાલનપુર તા. ૨૬

પાલનપુરના સુપ્રસિદ્ધ કંથેરીયા હનુમાન મંદિરમાં પૂજારી તરીકે નોકરી કરતો વારાસણીનો એક યુવકે વહેલી પરોઢે મદિરના એક રૂમમાં આવેલી તિજોરી માંથી ભગવના ના સોના દાગીના તેમજ રોકડ રકમ મળી રૂ.૪.૭૦ લાખના મુદ્દામાલ ચોરી કરી પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે જોકે આ ચોરીની ઘટના સીસી ટીવી કેમેરા માં કેદ થતા પોલીસે ચોરી કરી પલાયન થઈ જનાર પૂજારીને ઝડપી લેવામાં ચક્રોગતિમાન કર્યા છે.આ અંગે વધુ વીગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લા ના સંવાદ દાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુર ખાતે આવેલ પોરાણીક કંથેરીયા હનુમાન મંદિરમાં ઉત્તરપ્રદેશના વારાસણી ના દીપક દુબે નામના ૨૫ વર્ષના યુવકને એક માસ અગાઉ માસિક પાંચ હજાર ના પગાર થી મંદિરમાં પૂજારી તરીકે રાંખવામાં આવ્યો હતો આ પૂજારીએ વહેલી સવારે મંદિરમાં શિવગીરી મહારાજના રૂમમાં આવેલ તિજોરીમાં રાખેલ રૂ.ત્રણ લાખની કિંમતનો ભગવાનને ચડાવવાનો સાડા ત્રણ તોલા સોના અને રુદ્રાક્ષ નો હાર અને પેન્ડલ તેમજ રૂ.૧.૬૦ લાખ રોકડ રકમ અને એકાઉન્ટ રૂમ માંથી રૂ.૧૫ હજાર મળી કુલ રૂ.૪.૭૫ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયો હતો જોકે સવારે તિજોરી માંથી ભગવાનનો હાર અને રોકડ રકમ ગાયબ થઈ હોવાનું માલુમ પડતાં અને પૂજારી દીપક દુબે નો મોબાઈલ સ્વીચ આવતા મંદિરમાં લાગેલ સીસીટીવી કેમેરા ની તપાસ કરતા પૂજારી દીપક દુબે ચોરી કરતો હોવાનું માલુમ પડતાં મંદિરમાં એકાઉન્ટ નું કામ કરતા ભાવિનભાઈ કાંતિભાઈ મોઢે મદિરમાં રૂ.૪.૭૫ લાખની ચોરી કરનાર વારાસણી ના પૂજારી દીપક દુબે સામે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવતા પોલીસે ચોરી કરી પલાયન થઈ જનાર પૂજારીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### ચોરી કરનાર પૂજારી વારાસણીનો રહેવાસી

પાલનપુરના કંથેરિયા હનુમાન મંદિરમાં ભગવાનની પૂજા આરતી કરવા માટે ઉત્તરપ્રદેશના વારાસણીના ૨૫ વર્ષીય યુવક દિપક દુબે ને માસિક પાંચ હજારના વેતન થી પૂજારી તરીકે રખાયો હતો આ પૂજારીએ એક જ માસમાં મંદિરમાં ચોરી કરી પોતાનું પોત પ્રકાશ્યું છે.